# આપણે દેવની સેવા કેવી રીતે કરવી

*બાળકોને એકબીજાની સેવા કરતા શીખવો.*

આમાંની કોઈ પ્રવૃતિ બાળકોને શીખવવા માટે પંસદ કરો.

**માત્થી.૨૫ :૧૪-૩૦** કોઈ બાળક અથવા સભાજન વાંચે અથવા મોઢે કહી જાય વિશ્વાસુ કારભારી થવા થવા વિષે છે.

- દેવ આપણામાંના દરેકને કામ આપે છે કે આપણે તેને સારુ કરીએ.
- આપણે તેના કારભારી છીએ આપણને દેવ આપે છે તે દરેક વડે આપણે તેની સેવા કરવાની છે.
- દરેકને આપવવામા આવેલું તાલત એ સોનાનો સિક્કો હતો



વાર્તા સમજાવ્યા પછી પ્રશ્નો પૂછો (જવાબો આપેલા છે)

- તે માણસે તેના ત્રણ નોકરોને કેટલા તાલંત આપ્યા ?(ક. ૧૫)
- દરેક માણસે તે પૈસાનું શું કર્યુ ?(ક.૧૬-૧૮)
- જે માણસોએ પોતાના નાણાં સમજપૂર્વક વાપર્યા તેમને માલિકે શું કહ્યું ?(ક.૨૧)
- આળસુ નોકરે તેને અપાયેલા એક સિક્કાનું શુ કર્યુ ?(ક.૨૫)
- આ નોકરનુ છેવટે શું થયું ? (ક.૩૦)

વિશ્વાસુ નોકરની વાર્તાનુ **નાટક બનાવો.**

- સભાના આગેવાન સાથે આ નાટક રજુ કરવાની વ્યવસ્થા કરો.
- બાળકોને નાટક તૈયાર કરવામા સહાય કરો
- આ વાર્તાના બધા ભાગો ભજવી બતાવવાના નથી
- નાટકની તૈયારી વખતે મોટા સિક્કા તૈયાર કરવાનું કહો (તેઓ કાગળમાંથી બનાવી શકે.)

**મોટા છોકરા** કે સભાજનો આ પાત્રો ભજવે

વર્ણન કરનાર - વાર્તાને સક્ષિપ્ત કરે અને બાળકોને સંવાદો શીખવે

ઘરના માલિક - એક કોથળીમાં આઠ સિક્કા રાખે

**નાના બાળકો** આ પાત્રો ભજવે

વિશ્વાસુ નોકર -

આળસુ નોકર - એક પથરો હાથમાં રાખે.

વેપારીઓ - વેપારને લગતી વસ્તુઓ રાખે (હથિયારો,ડબ્બા,કે કાગળો) તેઓ પાસે બાકીના સાત સિક્કા રાખવા.

**વિશ્વાસુ કારભારીનુ દ્રષ્ટાંત ભજવી બતાવો**

**વર્ણન કરનાર** : તે વાર્તાનો પ્રથમ ભાગ કહી જાય માત ૨૫ : ૧૪-૧૮ ઘરઘણી શું કહે છે તે સાંભળો.

**ઘરઘણી** : (તેણે પોતાની થેલી ખભા પર મૂકવી પછી બોલે) નોકરો, હું લાંબી મુસાફરીએ જાઉં છું અહી આવો અને હું તમને થોડો નાણા આપુ તેનો તમે વહીવટ કરજો

પહેલા નોકરે ને પાંચ સિક્કા ગણી આપે છે.

બીજા નોકરને બે સિક્કા ગણી આપે છે.

ત્રીજા નોકરને એક સિક્કો આપે છે

**બે વિશ્વાસુ નોકરો નં.૧ અને નં.૨** : વેપારીઓ પાસે જાય છે અને તેઓની વસ્તુઓ ખરીદતા હોય તેવો અભિનય કરે છે. (હથિયારો, ડબ્બાઓ, જમીન વિ.) તેઓ પૈસા ચુકવે છે.

**આળસુ નોકર** : તેણે આજુ બાજુ જોયું કે કોઈ જોતું નથી ને પછી જમીનમાં પોતાનો સિક્કો પથ્થર નીચે છુપાવી દે. પછી બોલે 'હું આ છુપાવું છું કે તે સલામત રહેશે.'

**વર્ણન કરનાર** : તે વાર્તાનો બીજો ભાગ માત્થી. ૨૫ :૧૯-૨૩ માંથી કહે. પછી કહે 'ઘરઘણી શું કહે છે તે સાંભળો.'

**ઘરઘણી** : 'હું મારી મુસાફરીએથી પાછો આવ્યો છું. હવે નોકરો, તમે અહીં આવો અને મેં જતી વખતે તમને વહીવટ કરવા માટે જે સોનાના સિક્કા આપ્યા હતા તેનો હિસાબ આપો.

**વિશ્વાસુ નોકરો નં. ૧ અને નં.૨** : ફરીથી વેપારીઓ પાસે જાય છે અને તેમણે ખરીદેલી વસ્તુઓ છે તે પણ આપો.' 'તમે તો ઘણા કામમાં વ્યસ્ત છો. ' તેઓ તેમના સિક્કા ઉપરાંત બીજા સિક્કા પણ આપે છે. નોકર નં. ૧ જેણે પાંચ સિક્કા આપ્યા હતા તેને વેપારીએ દસ પાછા આપ્યા. નોકર નં. ૨ જેણે બે આપ્યા હતા તેને ચાર મળ્યા.

**હવે વિશ્વાસુ નોકર નં.૧** : પોતાના માલિક પાસે જાય છે અને બોલે છે 'મેં હથિયારો (અથવા બીજું જે ખરીદ્યું હોય તે) ખરીદ્યા અને તમારા પૈસા બમણાં થયા છે. તમે મને સોનાના પાંચ સિક્કા આપ્યા હતા તે હવે દસ થયા છે.' તે પોતાના વહીવટ વિશે બોલે છે.

**વિશ્વાસુ નોકર નં.૨** : તે પોતાના માલિકને ચાર સિક્કા આપે છે અને જણાવે છે કે તેના નાણાં બમણાં થયા છે. તેણે શું ખરીદ્યું અને વેચ્યું તે જણાવે છે.

**માલિક** : 'શાબાશ!' વિશ્વાસુ નોકરો, તમે મારી સાથે રહો. ત્રીજો નોકર ક્યાં છે ?

**આળસુ નોકર** : જઈને પથ્થર નીચેથી પોતાના સિક્કો કાઢે છે અને તે માલિકને પાછો આપે છે. પછી બોલે છે 'સાહેબ, તમારું તમને પાછું મળ્યું છે મેં તેનું કંઈ કર્યું નથી. મને બીક હતી કે તે કદાચ મારાથી ખોવાઈ કે વપરાઈ જાય. મેં તેને પથ્થર નીચે દાટી દીધું હતું'

**માલિક** : 'આળસુ નોકર , મેં તને જે સોનાનો સિક્કો આપ્યો તેનો તેં કારભાર કર્યો નહિ. મારા ઘરમાંથી હંમેશાને માટે નીકળી જા.'


વર્ણન કરનાર અથવા કોઈ બાળક નાટક પુરું થયાની જાહેરાત કરે અને મદદ કરનારાઓનો આભાર માને.

**પ્રશ્નો** જો બાળકો મોટાઓ સમક્ષ આ નાટક ભજવે તો ઉપર જણાવેલા પ્રશ્નો પણ તેમને પૂછવા દો.

**ચર્ચા :** બીજા આશીર્વાદો કે દાનો જે ઈશ્વર આપણને આપે છે કે જેનો ઉપયોગ આપણને તેની સેવા અર્થે કરી શકીએ તેવા ઉદાહરણો ક્યા છે ? (સભાજનો અથવા બાળકો કહી જણાવે )

પાંચ મોટા સોનાના સિક્કાના **ચિત્ર દોરો** અને બાળકોને તેની નકલ  કરવાનું કહો.

- મોટા છોકરા નાનાઓને મદદ કરે.
- સભા વખતે આ ચિત્રો રજુ કરવા અથવા બાળકો તે પોતાના માબાપને બતાવે.
- આ ચિત્રો દ્વારા સમજાવો કે ઈશ્વર આપણને જે દાનો આપે છે તેની સેવા અર્થે છે તેને વ્યર્થ રાખી મૂકીને વેડફી શકાય નહિ.



માત્થી ૬ :૨૪ **મુખપાઠ કરો.**

ગી. ૬૫ :૪, ૫ અને ૯ ત્રણ બાળકો એક એક કલમ મુખપાઠ કરે.

દેવના દાનોનો તેની સેવા માટે ઉપયોગ કરવા બાબતનું ગીત કે નાટક મોટા બાળકો લખે.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમારી ઉદારતા ઘણી છે. તમે અમને ઘણા આશિર્વાદો આપ્યા છે. આ આશિષોનો તમારી સેવા માટે ઉપયોગ કરવા અમારી સહાય કરો. તમારા નામમાં બીજાને મદદરૂપ થવા અમને વિશ્વાસુ બનાવો. અમારા દાનો તમારે માટે અમે વાપરવામાં નિષ્ફળ જઈએ ત્યારે અમને ક્ષમા કરો.

Copyright 2004 © by Paul -Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net